# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**Accredited Grade "A" by NAAC (3rd Cycle)**

## સિન્ડિકેટ સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૦૧/૧૦/૨૦૨૦

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

**SAURASHTRA UNIVERSITY**
Syndicate Section
University Campus, University Road, Rajkot – 360005
Phone No. : (0281) 2578501 Ext. No. 116 / FAX No. : (0281) 2586983
E-mail Id : syndicate@sauuni.ac.in
Accredited Grade "A" by NAAC (3rd Cycle)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની માહે ઓક્ટોબર-૨૦૨૦ની સિન્ડિકેટની સામાન્ય સભા તા.૦૧/૧૦/૨૦૨૦ને ગુરૂવારના રોજ બપોરનાં ૦૪:૦૦ કલાકે, વિડિયો કોન્ફરન્સ દ્વારા તથા ઓફલાઈન આંકડાશાસ્ત્ર ભવનના ઓડીટોરીયમ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. નીતિન પેથાણી - કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડૉ. વિજય દેસાણી - ઉપકુલપતિશ્રી | હાજર |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૦. | ડૉ. પ્રતાપસિંહ એલ. ચૌહાણ | હાજર |
| ૧૧. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૨. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૩. | ડૉ. નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૪. | ડૉ. અનિરૂદ્ધસિંહ પઢીયાર | ગેરહાજર |
| ૧૫. | ડૉ. વિમલભાઈ પરમાર | હાજર |
| ૧૬. | ડૉ. ભરતભાઈ રામાનુજ | ગેરહાજર |
| ૧૭. | શ્રી ભરતભાઈ ઝવેરભાઈ વેકરીયા | હાજર |
| ૧૮. | ડૉ. પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |
| ૧૯. | ડૉ. નીતાબેન ઉદાણી | હાજર |

## -: કાર્યવાહી નોંધ :-

સભાની શરૂઆતમાં નવનિયુક્ત સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. નીતાબેન ઉદાણીને આવકારવામાં આવેલ. ત્યારબાદ પ્રધાનમંત્રીના કોવીડ-૧૯ કોરોના પેન્ડેમિક સંદર્ભે ટેસ્ટ ઈઝ બેસ્ટ સ્લોગન આપેલ તે સંદર્ભે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તમામ સ્ટાફનો કોવીડ-૧૯ ટેસ્ટ કરાવવામાં આવેલ તે બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીમને અભિનંદન પાઠવવામાં આવેલ.

૧ સિન્ડિકેટ સિન્ડિકેટની તા.૦૫/૦૮/૨૦૨૦ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૦૫/૦૮/૨૦૨૦ની મીનીટ્સ નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.

ઠરાવ ક્રમાંક : ૦૧ નાં સુધારા ઠરાવ ક્રમાંક : ૧૮ નીચે મુજબના સુધારા સાથે વાંચવું.

**1. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં લેવામાં આવેલ બી.એડ. સેમેસ્ટર ૧ અને ૨ની પરીક્ષાઓમાં પરીક્ષા આપેલ કુલ વિદ્યાર્થીઓમાથી 65% કે તેથી વધુ વિદ્યાર્થીઓને કોલેજો દ્વારા 345 માર્કસ ના ઇન્ટરનલ કોમ્પોનન્ટ/હેડમાં 95% એટ્લે કે 328 કે તેથી વધુ માર્કસ આપેલ હોય તો તેવી સંબધિત કોલેજોને રૂ. ૫૦,૦૦૦/- (રૂપિયા પચાસ હજાર)નો પેનલ્ટી/દંડ વસૂલ કરવો અને હવે પછી સેમેસ્ટર-1 ની લેવામાં આવનાર પરીક્ષાઓમાં ગુણવત્તાયુક્ત શૈક્ષણિક કાર્યનું મૂલ્યાંકન કરવા તાકીદ કરવી અથવા આ પ્રકારની ક્ષતિ થયે સંબધિત કોલેજોને રૂ.૨,૦૦,૦૦૦ (રૂપિયા બે લાખ)નો પેનલ્ટી/દંડ વસૂલ કરવો.**

**મુદ્દા નં. 2 યથાવત રાખવામાં આવેલ.**

ઠરાવ ક્રમાંક : ૦૩

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, ખાતાકીય તપાસને ધ્યાને લઈ ગુરૂ-શિષ્યની ગરીમા અને મર્યાદા ભંગ બદલ સર્વાનુમતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર અનુસ્નાતક ભવનનાં પ્રોફેસર ડો.રાકેશ જોષીને બરતરફ કરવા.**

૨ સિન્ડિકેટ સિન્ડિકેટની તા.૨૭/૦૬/૨૦૨૦ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૨૭/૦૬/૨૦૨૦ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવામાં આવી.**

**(નોંધ: કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

3 સિન્ડિકેટ સિન્ડિકેટની તા.૧૦/૦૭/૨૦૨૦ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૧૦/૦૭/૨૦૨૦ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવામાં આવી.**

**(નોંધ: કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે.)**

| | | |
|---|---|---|
| ૪ સિન્ડિકેટ | સિન્ડિકેટની તા.૦૫/૦૮/૨૦૨૦ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત. | |

**આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૦૫/૦૮/૨૦૨૦ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવામાં આવી.**

**(નોંધ: કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૩" તરીકે આ સાથે સામેલ છે.)**

૫ પરીક્ષા-3

ઉપમન્યુ કપીલભાઈ પંડ્યાએ એલ.એલ.બી. સેમેસ્ટર ૧ થી ૬ ઓક્ટોબર-૨૦૧૫ થી માર્ચ ૨૦૧૮ દરમ્યાન માતૃશ્રી શાંતાબેન આર્ટસ કોલેજ માંથી પરીક્ષા આપી છે. આ વિદ્યાર્થીએ "શ્રીધર યુનિવર્સિટી" (રાજસ્થાન) માંથી બી.ટેક.ની ડીગ્રી મેળવી છે.

આ યુનિવર્સિટી દ્વારા પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવેલ છે, સમય મર્યાદામાં માઈગ્રેશન સર્ટીફીકેટ રજૂ ન કરતા વિદ્યાર્થીની લેખિત સંમતી મેળવીને પરીક્ષા સેલ વિભાગ દ્વારા પ્રોવિઝનલ સર્ટીફીકેટ રદ કરવામાં આવેલ છે. પરીક્ષા સેલ ના પત્ર નં-577/20 તા.15/06/20 અન્વયે એલ.એલ.બી. નુ પરિણામ રદ કરવાનું થાય છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપમન્યુ કપીલભાઈ પંડ્યાની પરીક્ષા સેલ ના પત્ર નં . ૫૭૭/૨૦૨૦, તા.૧૫/૦૬/૨૦૨૦ અન્વયે એલએલ.બી.નુ પરિણામ રદ્દ કરવું.**

**(નોંધ:- ઉપર્યુક્ત બાબત પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે.)**

૬ સામાન્ય

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં બોર્ડ ઓફ એકાઉન્ટની ખાલી પડેલ જગ્યા પર એક સભ્ય નોમીનેટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં બોર્ડ ઓફ એકાઉન્ટસ પર ચૂંટાયેલા સભ્યોમાના ડો. લીલાભાઈ કડછાએ બોર્ડ ઓફ એકાઉન્ટસનાં સભ્યપદેથી સ્વેચ્છીક રાજીનામું આપેલ છે.
- સામાન્ય વિભાગની તા.૧૦/૦૧/૨૦૨૦ ની નોંધના આદેશ મુજબ ડો. લીલાભાઈ કડછાનું રાજીનામું મંજુર થયેલ છે.
- સામાન્ય વિભાગની તા.૨૧/૦૧/૨૦૨૦, તા.૨૭/૦૧/૨૦૨૦ની નોંધ ઉપર મળેલ આદેશ તથા તા.૨૬/૦૬/૨૦૨૦ની નોંધ પર મળેલ આદેશ "યોગ્ય કાર્યવાહી સત્વરે કરીએ" અનુસાર સ્ટેચ્યુટ ૧૧૭ (3) ની જોગવાઈ મુજબ સિન્ડિકેટ સમક્ષ રજુ કરવાની થાય છે.

સ્ટેચ્યુટ ૧૧૭ (૩) ની જોગવાઈ નીચે મુજબ છે.

STATUTE : 117

(3) All vacancies on the Board occurring between two elections shall be filled up by the Syndicate.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં બોર્ડ ઓફ એકાઉન્ટની ખાલી પડેલ જગ્યા પર સિન્ડિકેટ સભ્યશ્રી હરદેવસિંહ જાડેજા દ્વારા શ્રી રાજદિપસિંહ જાડેજાનું નામ રજુ કરવામાં**

**આવેલ અને સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. ધરમભાઈ કાંબલીયાએ ટેકો આપ્યો અને સર્વાનુમતે સિન્ડિકેટ સભ્યશ્રીઓ દ્વારા શ્રી રાજદિપસિંહ જાડેજાને નોમીનેટ કરવા નિર્ણય કરાયો.**

૭ હિસાબ ફાઈનાન્સ કમિટિની તા.૨૮/૦૯/૨૦૨૦નાં રોજ મળેલ સભાની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, ફાઈનાન્સ કમિટિની તા.૨૮/૦૯/૨૦૨૦નાં રોજ મળેલ સભાની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૨૮/૦૯/૨૦૨૦નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે.)**

૮ મહેકમ-અ યુનિવર્સિટીનાં જુદા-જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે તથા સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસર, આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા યોજાયેલ વોક ઇન ઈન્ટરવ્યુ માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અનુસ્નાતક ભવનનું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ગણિતશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૪ | ૧૬/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨ | ભૌતિકશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦3 | ૧૭/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૩ | નેનો સાયન્સ એન્ડ એડવાન્સ્ડ મટીરીયલ્સ | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૧૮/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૪ | બાયોસાયન્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૫ | ૧૯/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| | | સેલ્ફ ફાયનાન્સ | ૦૧ | | સેલ્ફ ફાયનાન્સમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| ૫ | બાયોકેમેસ્ટ્રી અનુસ્નાતક ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૨ | ૨૩/૦૯/૨૦૨૦ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| ૬ | બાયોટેકનોલોજી અનુસ્નાતક ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૨ | ૨૨/૦૯/૨૦૨૦ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| ૭ | ઇલેક્ટ્રોનિકસ અનુસ્નાતક ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૨ | ૨૧/૦૯/૨૦૨૦ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| ૮ | રસાયણશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૪ | ૨૪/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| | | સેલ્ફ ફાયનાન્સ | ૦૪ | | સેલ્ફ ફાયનાન્સમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| | | સેલ્ફ ફાયનાન્સ | ૦૧ | | સેલ્ફ ફાયનાન્સમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | આંકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૩ | ૨૫/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૦ | ફીઝીકલ એજ્યુકેશન | સેલ્ફ ફાયનાન્સ | ૦૨ | ૨૧/૦૯/૨૦૨૦ | સેલ્ફ ફાયનાન્સમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| ૧૧ | હોમ સાયન્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૩ | ૨૧/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૨ | બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૨૧/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| | | સેલ્ફ ફાયનાન્સ | **૦૨** | | સેલ્ફ ફાયનાન્સમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| ૧૩ | બાબાસાહેબ આંબેડકર ચેર | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૧૯/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૪ | પત્રકારીત્વ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૧૯/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૫ | અંગ્રેજી અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૨૧/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૬ | હિન્દી અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૨૧/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૭ | અર્થશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૨૨/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૮ | ફિલોસોફી અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૨૨/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૯ | સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૨૩/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨૦ | સંસ્કૃત અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૨૩/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨૧ | મનોવિજ્ઞાન અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૩ | ૨૪/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨૨ | ઇતિહાસ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૨૪/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨૩ | સમાજકાર્ય અનુસ્નાતક ભવન | સેલ્ફ ફાયનાન્સ M.S.W | ૦૪ | ૨૫/૦૯/૨૦૨૦ | સેલ્ફ ફાયનાન્સમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| | | સેલ્ફ ફાયનાન્સ M.L.W | ૦૧ | | |
| ૨૪ | ફાર્માસ્યુટિકલ્સ સાયન્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ ફાર્મ .ડી. | ૦૮ | ૨૧/૦૯/૨૦૨૦ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| | | સેલ્ફ ફાયનાન્સ | ૦૧ પ્રોફેસર | ૨૧/૦૯/૨૦૨૦ | સેલ્ફ ફાયનાન્સમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| | | | ૦૨ એસો. પ્રોફે. | ૨૨/૦૯/૨૦૨૦ | સેલ્ફ ફાયનાન્સમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| | | | ૦૪ | ૨૨/૦૯/૨૦૨૦ | સેલ્ફ ફાયનાન્સમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| | | | ૦૮ | ૨૨/૦૯/૨૦૨૦ | સેલ્ફ ફાયનાન્સમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| | | | ૦૧ | ૨૧/૦૯/૨૦૨૦ | સેલ્ફ ફાયનાન્સમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |

(નોંધ યુનિવર્સિટી સ્થિત જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં મંજુર સેટ અપ ની ખાલી જગ્યા સામે તથા સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમો માટે ૧૧ માસ કરાર આધારિત પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસર, આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે તા. ૧૬/૦૯/૨૦૨૦ થી તા. ૨૫/૦૯/૨૦૨૦ દરમ્યાન વોક ઇન ઈન્ટરવ્યુ યોજવામાં આવેલ .જાહેરાત મહેકમ -અ વિભાગ દ્વારા માહિતી ખાતા દ્વારા જાહેરાત ક્રમાંક મહેકમ/અ/૩૪૮/૨૦૨૦ તા. ૦૭/૦૯/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદા-જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે તથા સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસર, આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા યોજાયેલ વોક ઇન ઈન્ટરવ્યુ માટે ઉપર્યુક્ત વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ તેમજ યુજીસી નોર્મ્સ મુજબ પસંદગી પામેલા ઉમેદવારો (પરિશિષ્ટ-A)ને તુરંત નિમણુંક પત્ર આપવા.**

**AICTE/ફાર્મસી કાઉન્સિલનાં નિયત થયેલ લાયકાતનાં ધોરણ અને વરણી સમિતિની ભલામણ મુજબ પસંદગી પામેલા ઉમેદવારો (પરિશિષ્ટ-A)ને તુરંત નિમણુંક પત્ર આપવા.**

**જે ઉમેદવારે યુજીસી નોર્મ્સ/સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ લાયકાતનાં ધોરણ મુજબ પીએચ.ડી./નેટ/સ્લેટ પસાર કરેલ ન હોય અને તેમની વરણી સમિતિ દ્વારા નિમણુંક કરવા માટે ભલામણ કરેલ હોય (પરિશિષ્ટ-B) તો તેમની આગામી સિન્ડિકેટમાં સમીક્ષા કર્યા બાદ જ નિમણુંક પત્ર આપવા.**

**(નોંધ : વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)**

૯ યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યા પર પ્રતિ માસ ૭૮૦૦/-
મહેકમ-બ (તા.૦૧-૦૨-૧૭ થી રૂા. ૧૯૯૫૦/- માસિક ફિક્સ) ના ફિક્સ પગારથી પાંચ વર્ષ માટે કરારના ધોરણે ફરજ બજાવતા શ્રી વ્યાસ આશિષ મયુરકુમાર અને અજય દેવશીભાઈ ભેદરડાને આસિસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યામાં તા.૦૫/૧૦/૨૦૨૦ થી લેવલ-૨ના પગાર ધોરણમાં રૂા. ૧૯૯૦૦/- (૧૯૯૦૦-૬૩૨૦૦) અને અન્ય મળવા પાત્ર ભથ્થાઓ સહીતના નિયમિત પગારધોરણમાં નિમણૂંક કરવા અંગેના માન. કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

નોંધ- (૧) શ્રી વ્યાસ આશિષ મયુરકુમાર અને અજય દેવશીભાઈ ભેદરડાને અત્રેના તા.૦૧/૧૦/૨૦૧૫ ના નં.મહેકમ/બ/૨/૭૮૫-૭૮૬/૨૦૧૫ ના નિમણૂક પત્રથી સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૦/૧૦/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: સરય-૧૩૦૫-૩૦૭૨-ખ ના ઠરાવની જોગવાઈ મુજબ પ્રથમ તબક્કે પાંચ વર્ષ માટે ફિક્સ પગારમાં કરારના ધોરણે નિમણૂક આપવામાં આવેલ હતી. તા.૨૦/૧૦/૨૦૦૫ ના ઠરાવના ક્રમ-૨૧ મુજબ પાંચ વર્ષ બાદ સેવાઓ

સંતોષકારક જણાય તો નિયમિત પગારધોરણની જગ્યા સામે સમાવવાના થાય છે.

(૨) શ્રી વ્યાસ આશિષ મયુરકુમાર અને અજય દેવશીભાઈ ભેદરડા આસિસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યા પર તા. ૦૫/૧૦/૨૦૧૫ ના રોજ હાજર થયેલ છે.

(૩) સરકારશ્રીના નાણાં વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)ઝ.૧ માં દર્શાવેલ સેવાની શરતો અને બોલીઓના ક્રમ-૧૨(અ) મુજબ નિયમિત નિમણૂંક આપવાની વિચારણા કરતી વખતે મૂલ્યાંકન પત્રકો ધ્યાને લેવામાં આવેલ હતા.

**આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી આશિષ મયુરકુમાર વ્યાસ અને શ્રી અજય દેવશીભાઈ ભેદરડાને આસિસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યા પર તા.૦૫/૧૦/૨૦૨૦ થી પગાર ધોરણ રૂ. ૧૯૯૦૦-૬૩૨૦૦, લેવલ-૨માં શરૂઆતનો માસિક પગાર રૂ. ૧૯૯૦૦/- અને અન્ય મળવા પાત્ર ભથ્થાઓ સહીતના નિયમિત પગારધોરણમાં નિમણૂંક કરવા અંગેના માન.કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૧૦ પરીક્ષા-૨ તા.૧૩/૦૩/૨૦૧૯ની નોંધમાં પ્રાપ્ત આદેશ અનુસાર પ્રાયોગિક પરીક્ષાના મહેનતાણાના દરો વધારવા અંગે વિચારણા કરવા અંગેની કમિટીની મિટિંગ તા.૧૬/૦૭/૨૦૨૦ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે સિન્ડીકેટ રૂમ માં મળેલ સભા દ્વારા વિનયન વિદ્યાશાખાના મનોવિજ્ઞાન વિષયના પ્રાયોગિક પરીક્ષાના મહેનતાણાના દરો વધારવા સૂચવેલ છે તે બાબત વિચારણા કરવા.

| વિગત | હાલના દર રૂ. | કેટલા વર્ષથી દર અમલમાં છે. | માંગણીના દર રૂ. | સરદાર પટેલ યુનીવર્સીટી ના દર | નવા સુધારેલા દર રૂ. |
|---|---|---|---|---|---|
| પરીક્ષકશ્રીઓ | જુના દર રૂ. | અંદાજે ૧૧ વર્ષ થી નં.પરીક્ષા /૨/૧૬૭૯/૨૦૦૯ તા.૨૬/૦૯/૨૦૦૯ | નવા દર રૂ. | સરદાર પટેલ યુનીવર્સીટી ના પત્રક સામેલ | ૧૦૦ |
| સ્નાતક કક્ષાએ | ૨૧ | | ૧૫૦ | | |
| અનુસ્નાતક કક્ષાએ | ૩૦ | | ૨૦૦ | | ૧૫૦ |
| **લોકલ સંચાલન** | | | | | |
| એક્ષપર્ટ | ૧૦૦ | | ૨૦૦ | | ૧૫૦ |
| આસિસ્ટન્ટ | ૯૦ | | ૨૦૦ | | ૧૫૦ |
| સુપરવાઈઝર | ૯૦ | | ૧૫૦ | | ૧૨૫ |
| પટાવાળા | ૬૦ | | ૧૨૫ | | ૧૧૦ |
| પ્રયોગપાત્ર | ૫૫ | | ૧૫૦ | | ૧૦૦ |

**આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન વિદ્યાશાખાના મનોવિજ્ઞાન વિષયના પ્રાયોગિક પરીક્ષાના મહેનતાણાના દરો વધારવા સંદર્ભે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને અન્ય યુનિવર્સિટીઓનાં દરો અને પરીક્ષા ફી અંગે પુખ્ત વિચારણા કર્યા બાદ ફરીથી આગામી સિન્ડિકેટમાં રજુ કરવું.**

**(નોંધ:- સરદાર પટેલ યુનિવર્સિટીના દર પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૧ જોડાણ ટ્રસ્ટીશ્રી, શ્રીમતી રાજુબાબેન દાદભાઈ કહોર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત-શ્રી એમ.ડી.કહોર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મુ.વાડિયા, જી.અમરેલી ખાતે નવી કોલેજ શરુ કરવા નામ.ગુજરાત હાઇકોર્ટના આદેશ મુજબ અત્રે જોડાણ અરજી કરવામાં આવેલ.જેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ તા.૦૭/૦૮/૨૦૨૦ ના રોજ અત્રે મળેલ છે. જે સ્થાનિક તપાસ સમિતિના સભ્યો દ્વારા નવી કોલેજ નામંજૂર કરવા ભલામણ કરવામાં આવેલ છે. જે સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલને દયાને લઈ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ઓર્ડીનન્સ-૧૮૪ અન્વયે માન.કુલપતિશ્રીને મળેલ સતા મુજબ એકેડેમિક અને સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ ઉપર્યુક્ત નવી કોલેજ નામંજૂર કરવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કર્યાના કાર્યની બહાલી આપવા બાબત.

જોડાણની વિગત :

**વિનિયન વિદ્યાશાખા : (નવું જોડાણ)**

**પ્રથમ વર્ષ બી.એ.**

**બી.એ. મુ/ગૌ**

**સમાજશાસ્ત્ર,અંગ્રેજી,હિન્દી,સંસ્કૃત,ઈતિહાસ,અર્થશાસ્ત્ર,ગુજરાતી,**

**વાણીજ્ય વિદ્યાશાખા : (નવું જોડાણ)**

**પ્રથમ વર્ષ બી.કોમ (વૈ)**

**કોર : પ્રિન્સી.ઓફ માઈક્રો ઇકોનોમિકસ-૧, ફાયનાન્સ એકાઉન્ટીગ,
બીઝીનેસ ઓર્ગનેનાઈઝેશન એન્ડ મેનેજમેન્ટ-૧, કંપની લો, ડી.એસ.ઈ-૧,,પર્સનલ
સેલિંગ, એન્ડ સેલ્સમેનશીપ-૧, બીઝીનેશ મેથેમેટિક્સ-૧, બીઝીનેશ લો-૧,
ડી.એસ.ઈ.-૨, એન્ટ્રેપ્રેનેયર્શીપ-૧, કોમ્પુટર એપ્લીકેશન ઇન બીઝીનેશ,
ઇલેકટીવ: એકાઉન્ટીગ,**

નોંધ :-
૧ સ્થાનિક તપાસ સમિતિના ત્રણ સભ્યશ્રીઓનો તા.૭/૮/૨૦૨૦નો અહેવાલ તા.૭/૮/૨૦૨૦ નાં રોજ અત્રે મળેલ છે અને જોડાણ નામંજૂર કરવા ભલામણ કરેલ છે.

૨ ટ્રસ્ટની નવી કોલેજ અન્વયે જોડાણ વિભાગના પત્ર ક્રમાંક :જોડાણ/૫/૫૪૪/ ૨૦૨૦, તા.૭-૮-૨૦૨૦ ના પત્રથી ટ્રસ્ટની નવી કોલેજનું જોડાણ ના મંજુર કરવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, માન.કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૧૨ હિસાબ હિસાબ વિભાગની તા. ૧૧.૦૫.૨૦૨૦ની નોંધમાં મળેલ આદેશાનુસાર GST યુનિવર્સિટીની કઈ કઈ આવક પર લાગે તથા કેટલા ટકા લાગે તે આ સાથે એનેક્ષર–૧ મુજબ જે આવકો પર GST લાગુ પડે છે તે Taxable આવક દર્શાવેલ છે તથા જેના પર હાલમાં યુનિવર્સિટી દ્વારા GST લાગુ પાડવામાં આવેલ નથી તે નીચે મુજબ દર્શાવેલ છે.

| SR. NO. | DETIAL | EFFECTIVE DATE | RATE |
|---|---|---|---|
| 1 | Guest House Rent | 01/07/2017 | 18% |
| 2 | Seminar Hall Rent | 01/07/2017 | 18% |
| 3 | Breakage Charges (Demange) | 01/07/2017 | 18% |
| 4 | Scrapes Sales | 01/07/2017 | 18% |
| 5 | Additional Affi.Fee. | 01/07/2017 | 18% |
| 6 | Aff. Application Pro.Fee | 01/07/2017 | 18% |
| 7 | Affiliation Fee | 01/07/2017 | 18% |
| 8 | Election Registration Fee | 01/07/2017 | 18% |
| 9 | Indoor / Outdoor Stadium Member Fee | 01/07/2017 | 18% |
| 10 | P.G. Affiliation Fee | 01/07/2017 | 18% |
| 11 | Tender Fee | 01/07/2017 | 18% |
| 12 | Gymnesiyam Member Fee | 01/07/2017 | 18% |
| 13 | Publication Income (Discount) | 01/07/2017 | 18% |

એનેક્ષર- ૨ મુજબ જે આવકો પર GST લેવામાં આવે છે. તે આવક દર્શાવેલ છે.
એનેક્ષર – 3 મુજબ જે આવકો પર GST Exempted છે તે આવક દર્શાવેલ છે.

ઉપયુક્ત વિગતે એનેક્ષર ૧ મુજબ યુનિવર્સિટીમાં થતી આવકો પર GST લાગુ પાડવા અંગે અને કયા સમયથી GST લાગુ પાડવો તે અંગે સિન્ડીકેટમાં નિર્ણયાર્થે મુકવા આદેશાર્થે.

**આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં થતી આવકો પર GST લાગુ પાડવા અંગે અને કયા સમયથી GST લાગુ પાડવો તે અંગે પુખ્ત વિચારણા કર્યા બાદ ફરીથી આગામી સિન્ડિકેટમાં રજુ કરવું.**

**(નોંધ:- ઉપર્યુક્ત બાબત પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૩ બાંધકામ ભારતીય ગ્રહમાલિકા સંગઠનને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર ૨ થિ ૩ એકર જમીન આપવા.

નોંધ:- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં ગ્રહમાલિકા સંગઠનને ૨ થિ ૩ એકર જમીન ફાળવવા માટે આ સાથે ગ્રહમાલિકા સંગઠનનો તા.૨૪/૦૯/૨૦૨૦ નો પત્ર આ સાથે સામેલ છે જેમાં

જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર ઇન્ડિયન પ્લાનેટરી  સોસાયટી એ ૨૦ કરોડનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે પ્રોજેક્ટ અંતર્ગત કેમ્પસ પર સોલાર, વોટર હારવેસ્ટિંગ સિસ્ટમ, અર્થકવેક સાયન્સ, રીન્યુએબલ એન્ડ નોન રીન્યુએબલ એનર્જી તથા એર્નાવાયરોમેન્ટલ સાયન્સમાટે ૨ થી ૩ એકર જમીનની માંગણી કરેલ છે.

તો ઉપરોક્ત બાતે સૈદ્ધાંતિક મંજુરી માટે સિન્ડીકેટમાં મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, ભારતીય ગ્રહમાલિકા સંગઠનને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર ૨ થી ૩ એકર જમીન આપવા અંગે ક્યા હેતુ સબબ અને કેવી રીતે જમીન આપવી તે અંગે નવી સ્પષ્ટ પ્રપોજલ મંગાવવી અને ત્યાર બાદ ફરીથી આગામી સિન્ડિકેટમાં રજુ કરવું.**

**(નોંધ:- ભારતીય ગ્રહમાલિકા સંગઠનનો પત્ર પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૪ કન્ટ્રકશન ઓફ ટોઇલેટ બ્લોક (દિવ્યાંગ) નો ડિટેઇલ પ્લાન તથા ડિટેઇલ એસ્ટીમેટ મંજુર કરવા

બાંધકામ કામનું નામ – કન્ટ્રકશન ઓફ ટોઇલેટ બ્લોક (દિવ્યાંગ)

અંદાજીત રકમ – રૂા.૨૯,૬૧,૨૬૬/-

ખર્ચનો હેડ –રુષાની ગ્રાંન્ટના બાંધકામ માટે મંજુર કરેલ રૂા. ૩૧,00,000.00 હેડ હેઠળ.

નોંધ:- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં કંન્ટ્રકશન ઓફ ટોઇલેટ બ્લોક (દિવ્યાંગ) ની કામગીરી માટે એસ્ટેટ કમિટી  તા.0૩/0૭/૨0૨0 ના ઠરાવનં.૨ મુજબ ઠરાવ નીચે મુજબ મંજુર થયેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, રાહુલમહેતા સભ્યશ્રીના સુચન અનુસાર કંન્ટ્રકશન ઓફ ટોઇલેટ બ્લોક (દિવ્યાંગ) ના ડિટેઇલ પ્લાન, એસ્ટીમેટ થ્રીડી માં  મેળવવા અને તે યુનિવર્સિટી પ્રોજેકટ સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેંન્ટ વેરીફાય કર્યા બાદ તે એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને મોકલી આગામી એસ્ટેટ કમીટીમાં રજૂ કરવા.

ઉપરોકત એસ્ટેટ કમિટીના થયેલ ઠરાવને ધ્યાનમાં લઇને બાંધકામ વિભાગના સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેન્ટ વેરીફાય કર્યા બાદ એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને તા.૨૯/૭/૨0૨0 ના રોજ કંન્ટ્રકશન ઓફ ટોઇલેટ બ્લોક (દિવ્યાંગ) ના પ્લાન, એસ્ટીમેટ તથા થ્રીડી ઇ-મેઇલ ધ્વારા મોકલવામાં આવેલ અને તા. ૩૧/0૭/૨0૨0  સુધીમાં સુચનો હોય તો જણાવવા માટે વિનંતી કરેલ. જેનો આજની તારીખ સુધીમાં કોઇ પ્રત્યુતર આવેલ નથી.

તો ઉપરોકત બાબતે બાંધકામ વિભાગ ધ્વારા તા.૧૮/૮/૨0૨0ના રોજ મુકવામાં આવેલ નોંધમાં મળેલ આદેશ અન્વયે એસ્ટેટની બહાલીની અપેક્ષાએ સિન્ડીકેટમાં મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં કન્સ્ટ્રકશન ઓફ ટોઇલેટ બ્લોક (દિવ્યાંગ)નો ડીટેઈલ પ્લાન તથા ડીટેઈલ એસ્ટીમેટ સંદર્ભે એસ્ટેટ કમિટિનાં સભ્યશ્રીઓએ કોઈ સુધારો સૂચવેલ ન હોય જે ધ્યાને લઈ ઉપર્યુક્ત ડીટેઈલ પ્લાન, એસ્ટીમેટ અને અંદાજીત ખર્ચ રૂ.૨૯,૬૧,૨૬૬/- એસ્ટેટ કમિટિની બહાલીની અપેક્ષાએ મંજુર કરવા.**

૧૫ બાંધકામ — એક્ષટેન્શન ઓફ બાયોસાયન્સના બાંધકામ માટે નો ડીટેઇલ પ્લાન અને ડિટેઇલ એસ્ટીમેટ મંજુર કરવા બાબત.

કામનું નામ:- એક્ષટેન્શન ઓફ બાયોસાયન્સનું બાંધકામ.

બાંધકામ અંદાજીત રકમ - રુા.૧,૬૦,૦૦,૦૦૦/-

ખર્ચનો હેડ :- રાજય સરકાર દ્રારાવર્ષ ૨૦૧૮ –૨૦૧૯ માં એક્ષટેન્શન ઓફ બાયોસાયન્સના કામ માટે મંજુર કરવામાં આવેલ રુા.૧,૫૦,૦૦,૦૦૦/- હેઠળ તથા બાકીનો વધારાનો ખર્ચ રુા.૧૦,૦૦,૦૦૦/- યુનિવર્સિટી વિકાસ ફંડ હેડ હેઠળ.

નોંધ:- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં એક્ષટેન્શન ઓફ બાયોસાયન્સના બાંધકામકામગીરી માટે એસ્ટેટ કમિટી તા.૦૩/૦૭/૨૦૨૦ ના ઠરાવનં.૭ મુજબ ઠરાવ નીચે મુજબ મંજુર થયેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, રાહુલમહેતા સભ્યશ્રીના સુચન અનુસાર એક્ષટેન્શન ઓફ બાયોસાયન્સના ના બાંધકામનો ડિટેઇલ પ્લાન, એસ્ટીમેટ થ્રીડી માં મેળવવા અને તે યુનિવર્સિટી પ્રોજેકટ સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેંન્ટ વેરીફાય કર્યા બાદ તે એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને મોકલી આગામી એસ્ટેટ કમીટીમાં રજૂ કરવા.

ઉપરોકત એસ્ટેટ કમિટીના થયેલ ઠરાવને ધ્યાનમાં લઇને બાંધકામ વિભાગના સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેન્ટ વેરીફાય કર્યા બાદ એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને તા.૨૯/૦૭/૨૦૨૦ ના રોજ એક્ષટેન્શન ઓફ બાયોસાયન્સના બાંધકામ માટેનો પ્લાન, એસ્ટીમેટ તથા થ્રીડી ઇ-મેઇલ ધ્વારા મોકલવામાં આવેલ અને તા. ૩૧/૦૭/૨૦૨૦ સુધીમાં સુચનો હોય તો જણાવવા માટે વિનંતી કરેલ.જેનો આજની તારીખ સુધીમાં કોઇ પ્રત્યુતર આવેલ નથી.

તો ઉપરોકત બાબતે બાંધકામ વિભાગ ધ્વારા તા.૧૯/૦૮/૨૦૨૦ ના રોજ મુકવામાં આવેલ નોંધમાં મળેલ આદેશ અન્વયે એસ્ટેટની બહાલીની અપેક્ષાએ સિન્ડીકેટમાં મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં એક્ષટેન્શન ઓફ બાયોસાયન્સના બાંધકામનો ડીટેઈલ પ્લાન તથા ડીટેઈલ એસ્ટીમેટ સંદર્ભે એસ્ટેટ કમિટિનાં સભ્યશ્રીઓએ કોઈ સુધારો સૂચવેલ ન હોય જે ધ્યાને લઈ ઉપર્યુક્ત ડીટેઈલ પ્લાન, એસ્ટીમેટ અને અંદાજીત ખર્ચ રૂ. ૧,૬૦,૦૦,૦૦૦/- એસ્ટેટ કમિટિની બહાલીની અપેક્ષાએ મંજુર કરવા.**

૧૬ એક્ષટેન્શન ઓફ કોમ્પ્યુટર સેન્ટરનો ડિટેઇલ પ્લાન તથા ડિટેઇલ એસ્ટીમેટ મંજુર કરવા.

બાંધકામ કામનું નામ – એકસટેંન્શન ઓફ કોમ્પ્યુટર સેન્ટર

અંદાજીત રકમ રુા. – રુા.૧,૦૮,૨૨,૦૦૦/-

ખર્ચનો હેડ –વર્ષ ૨૦૧૭-૧૮ ના રાજય સરકાર ધ્વારા મંજુર કરેલ ૨.૦૦ કરોડની ગ્રાંન્ટના હેડ હેઠળ.

નોંધઃ- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં એકસટેંન્શન ઓફ કોમ્પ્યુટર સેન્ટરની કામગીરી માટે એસ્ટેટ કમિટી તા.૦૩/૦૭/૨૦૨૦ ના ઠરાવનં.૭ મુજબ ઠરાવ નીચે મુજબ મંજુર થયેલ છે.
આથી ઠરાવવામાં આવે છે કે, રાહુલમહેતા સભ્યશ્રીના સુચન અનુસાર એકસટેંન્શન ઓફ કોમ્પ્યુટર સેન્ટરનો ડિટેઇલ પ્લાન, એસ્ટીમેટ થ્રીડી માં મેળવવા અને તે યુનિવર્સિટી પ્રોજેકટ સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેંન્ટ વેરીફાય કર્યા બાદ તે એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને મોકલી આગામી એસ્ટેટ કમીટીમાં રજૂ કરવા.

ઉપરોકત એસ્ટેટ કમિટીના થયેલ ઠરાવને ધ્યાનમાં લઇને બાંધકામ વિભાગના સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેન્ટ વેરીફાય કર્યા બાદ એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને તા.૨૯/૭/૨૦૨૦ ના રોજ એકસટેંન્શન ઓફ કોમ્પ્યુટર સેન્ટરના પ્લાન, એસ્ટીમેટ તથા થ્રીડી ઇ-મેઇલ ધ્વારા મોકલવામાં આવેલ અને તા. ૩૧/૦૭/૨૦૨૦ સુધીમાં સુચનો હોય તો જણાવવા માટે વિનંતી કરેલ.જેનો આજની તારીખ સુધીમાં કોઇ પ્રત્યુતર આવેલ નથી.

તો ઉપરોકત બાબતે બાંધકામ વિભાગ ધ્વારા તા.૧૮/૮/૨૦૨૦ ના રોજ મુકવામાં આવેલ નોંધમાં મળેલ આદેશ અન્વયે એસ્ટેટની બહાલીની અપેક્ષાએ સિન્ડીકેટમાં મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં એક્ષટેન્શન ઓફ કોમ્પ્યુટર સેન્ટરનો ડીટેઈલ પ્લાન તથા ડીટેઈલ એસ્ટીમેટ સંદર્ભે એસ્ટેટ કમિટિનાં સભ્યશ્રીઓએ કોઈ સુધારો સૂચવેલ ન હોય જે ધ્યાને લઈ ઉપર્યુક્ત ડીટેઈલ પ્લાન, એસ્ટીમેટ અને અંદાજીત ખર્ચ રૂ.૧,૦૮,૨૨,૦૦૦/- એસ્ટેટ કમિટિની બહાલીની અપેક્ષાએ મંજુર કરવા.**

૧૭ ન્યુ લાઇબ્રેરી બિલ્ડિંગનો ડિટેઇલ પ્લાન તથા ડિટેઇલ એસ્ટીમેટ મંજુર કરવા.

બાંધકામ કામનું નામ– ન્યુ લાઇબ્રેરી બિલ્ડિંગનું બાંધકામ

અંદાજીત રકમ–રુા.૬,૯૭,૦૦,૦૦૦.૦૦

ખર્ચનો હેડ–વર્ષ ૨૦૧૮-૧૯ ના રાજય સરકાર ધ્વારા મંજુર કરેલ રુા.૬,૦૦,૦૦,૦૦૦.૦૦ ની ગ્રાંન્ટનાં હેડ હેઠળ અને વધારાની અંદાજીત રકમ રુા.૯૭ લાખ યુનિવર્સિટી વિકાસ ફંડ હેડ હેઠળ.

નોંધઃ- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં ન્યુ લાઇબ્રેરી બિલ્ડિંગના બાંધકામની કામગીરી માટે એસ્ટેટ કમિટી તા.૦૩/૦૭/૨૦૨૦ ના ઠરાવનં.૭ મુજબ ઠરાવ નીચે મુજબ મંજુર થયેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, રાહુલમહેતા સભ્યશ્રીના સુચન અનુસાર ન્યુ લાઇબ્રેરી બિલ્ડિંગનાબાંધકામનો ડિટેઇલ પ્લાન, એસ્ટીમેટ થ્રીડી માં મેળવવા અને તે યુનિવર્સિટી પ્રોજેકટ સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેંન્ટ વેરીફાય કર્યા બાદ તે એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને મોકલી આગામી એસ્ટેટ કમીટીમાં રજૂ કરવા.

ઉપરોકત એસ્ટેટ કમિટીના થયેલ ઠરાવને ધ્યાનમાં લઇને બાંધકામ વિભાગના સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેન્ટ વેરીફાય કર્યા બાદ એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને તા.૧૮/૮/૨૦૨૦ ના રોજ ન્યુ લાઇબ્રેરી બિલ્ડિંગના પ્લાન, એસ્ટીમેટ તથા થ્રીડી ઇ-મેઇલ ધ્વારા મોકલવામાં આવેલ અને તા.૨૦/૦૮/૨૦૨૦ સુધીમાં સુચનો હોય તો જણાવવા માટે વિનંતી કરેલ.જેનો આજની તારીખ સુધીમાં કોઇ પ્રત્યુતર આવેલ નથી.

તો ઉપરોકત બાબતે બાંધકામ વિભાગ ધ્વારા તા.૨૧/૮/૨૦૨૦ ના રોજ મુકવામાં આવેલ નોંધમાં મળેલ આદેશ અન્વયે એસ્ટેટની બહાલીની અપેક્ષાએ સિન્ડીકેટમાં મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં ન્યુ લાઇબ્રેરી બિલ્ડિંગનો ડીટેઈલ પ્લાન તથા ડીટેઈલ એસ્ટીમેટ સંદર્ભે એસ્ટેટ કમિટિનાં સભ્યશ્રીઓએ કોઈ સુધારો સૂચવેલ ન હોય જે ધ્યાને લઈ ઉપર્યુક્ત ડીટેઈલ પ્લાન, એસ્ટીમેટ અને અંદાજીત ખર્ચ રૂ.૬,૯૭,૦૦,૦૦૦/- એસ્ટેટ કમિટિની બહાલીની અપેક્ષાએ મંજુર કરવા.**

૧૮ ઓપન એર સ્ટેજ નો ડિટેઇલ પ્લાન તથા ડિટેઇલ એસ્ટીમેટ મંજુર કરવા.

બાંધકામ કામનું નામ – ઓપન એર સ્ટેજ

અંદાજીત રકમ – રુા.૧,૫૦,૦૦,૦૦૦/-

ખર્ચનો હેડ–વર્ષ ૨૦૧૭-૧૮ ના રાજય સરકાર ધ્વારા મંજુર કરેલ રુા.૮૦ લાખની ગ્રાંન્ટ અને વર્ષ ૨૦૧૮-૧૯ માં મંજુર કરેલ રુા.૩૦ લાખની ગ્રાંન્ટ આમ ટોટલ રુા.૧,૧૦,૦૦,૦૦૦/- ની ગ્રાંન્ટ હેઠળ અને વધારાની અંદાજીત રકમ રુા.૮૦ લાખ યુનિવર્સિટી વિકાસ ફંડ હેડ હેઠળ.

નોંધ:- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં ઓપન એર સ્ટેજની કામગીરી માટે એસ્ટેટ કમિટી તા.૦૩/૦૭/૨૦૨૦ ના ઠરાવનં.૭ મુજબ ઠરાવ નીચે મુજબ મંજુર થયેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, રાહુલમહેતા સભ્યશ્રીના સુચન અનુસાર ઓપન એર સ્ટેજના બાંધકામનો ડિટેઇલ પ્લાન, એસ્ટીમેટ થ્રીડી માં મેળવવા અને તે યુનિવર્સિટી પ્રોજેકટ સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેંન્ટ વેરીફાય કર્યા બાદ તે એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને મોકલી આગામી એસ્ટેટ કમીટીમાં રજૂ કરવા.

ઉપરોકત એસ્ટેટ કમિટીના થયેલ ઠરાવને ધ્યાનમાં લઇને બાંધકામ વિભાગના સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેન્ટ વેરીફાય કર્યા બાદ એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને તા.૩૧/૭/૨૦૨૦ ના રોજ ઓપન એર સ્ટેજ ના પ્લાન, એસ્ટીમેટ તથા થ્રીડી ઇ-મેઇલ

ધ્વારા મોકલવામાં આવેલ અને તા.૦૩/૦૮/૨૦૨૦ સુધીમાં સુચનો હોય તો જણાવવા માટે વિનંતી કરેલ.જેનો આજની તારીખ સુધીમાં કોઇ પ્રત્યુતર આવેલ નથી.

તો ઉપરોકત બાબતે બાંધકામ વિભાગ ધ્વારા તા.૧૮/૮/૨૦૨૦ ના રોજ મુકવામાં આવેલ નોંધમાં મળેલ આદેશ અન્વયે એસ્ટેટની બહાલીની અપેક્ષાએ સિન્ડીકેટમાં મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં ઓપન એર સ્ટેજનો ડીટેઈલ પ્લાન તથા ડીટેઈલ એસ્ટીમેટ સંદર્ભે એસ્ટેટ કમિટિનાં સભ્યશ્રીઓએ કોઈ સુધારો સૂચવેલ ન હોય જે ધ્યાને લઈ ઉપર્યુક્ત ડીટેઈલ પ્લાન, એસ્ટીમેટ અને અંદાજીત ખર્ચ રૂ.૧,૫૦,૦૦,૦૦૦/- એસ્ટેટ કમિટિની બહાલીની અપેક્ષાએ મંજુર કરવા.**

૧૯ બાંધકામ

સ્પોર્ટસ હોસ્ટેલના બાંધકામનો ડિટેઇલ પ્લાન તથા ડિટેઇલ એસ્ટીમેટ મંજુર કરવા.

કામનું નામ – સ્પોર્ટસ હોસ્ટેલનું બાંધકામ.

અંદાજીત રકમ રુા. –રુા.૩,૨૫,૨૯,૦૦૦.૦૦

ખર્ચનો હેડ –રાજય સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ સ્પોર્ટસ હોસ્ટેલના બાંધકામ માટે મંજુર કરવામાં આવેલ રુા.૩,૦૦,૦૦,૦૦૦.૦૦ ની ગ્રાંન્ટ હેઠળ અને વધારાની અંદાજીત રકમ રુા.૨૫,૨૯,૦૦૦.૦૦ યુનિવર્સિટી વિકાસ ફંડ હેડ હેઠળ.

નોંધ:- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં સ્પોર્ટસ હોસ્ટેલની કામગીરી માટે એસ્ટેટ કમિટી તા.૦૩/૦૭/૨૦૨૦ ના ઠરાવનં.૭ મુજબ ઠરાવ નીચે મુજબ મંજુર થયેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, રાહુલમહેતા સભ્યશ્રીના સુચન અનુસાર સ્પોર્ટસ હોસ્ટેલનો ડિટેઇલ પ્લાન, એસ્ટીમેટ થ્રીડી માં મેળવવા અને તે યુનિવર્સિટી પ્રોજેકટ સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેંન્ટ વેરીફાય કર્યા બાદ તે એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને મોકલી આગામી એસ્ટેટ કમીટીમાં રજૂ કરવા.

ઉપરોકત એસ્ટેટ કમિટીના થયેલ ઠરાવને ધ્યાનમાં લઇને બાંધકામ વિભાગના સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેન્ટ વેરીફાય કર્યા બાદ એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને તા.૩૧/૭/૨૦૨૦ ના રોજ સ્પોર્ટસ હોસ્ટેલના બાંધકામનો પ્લાન, એસ્ટીમેટ તથા થ્રીડી ઇ-મેઇલ ધ્વારા મોકલવામાં આવેલ અને તા.૦૩/૦૮/૨૦૨૦ સુધીમાં સુચનો હોય તો જણાવવા માટે વિનંતી કરેલ.જેનો આજની તારીખ સુધીમાં કોઇ પ્રત્યુતર આવેલ નથી.

તો ઉપરોકત બાબતે બાંધકામ વિભાગ ધ્વારા તા.૧૮/૮/૨૦૨૦ ના રોજ મુકવામાં આવેલ નોંધમાં મળેલ આદેશ અન્વયે એસ્ટેટની બહાલીની અપેક્ષાએ સિન્ડીકેટમાં મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં સ્પોર્ટસ હોસ્ટેલના બાંધકામનો ડીટેઈલ પ્લાન તથા ડીટેઈલ એસ્ટીમેટ સંદર્ભે એસ્ટેટ કમિટિનાં સભ્યશ્રીઓએ કોઈ સુધારો સૂચવેલ**

**ન હોય જે ધ્યાને લઈ ઉપર્યુક્ત ડીટેઈલ પ્લાન, એસ્ટીમેટ અને અંદાજીત ખર્ચ રૂ.૩,૨૫,૨૯,૦૦૦/- એસ્ટેટ કમિટિની બહાલીની અપેક્ષાએ મંજુર કરવા.**

૨૦ વુમન્સ યોગા હોલના બાંધકામ માટેનો ડિટેઇલ પ્લાન તથા ડિટેઇલ એસ્ટીમેટ મંજુર કરવા બાબત.

બાંધકામ કામનું નામ – વુમન્સ યોગા હોલનું બાંધકામ.

અંદાજીત રકમ રુા.-૧,૦૦,૦૦,૦૦૦/-

ખર્ચનો હેડ –રાજય સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માં મંજુર કરવામાં આવેલ રુા.૧.૦૦ કરોડની ગ્રાંન્ટના હેડ હેઠળ.

નોંધ:- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં વિમેન્સ યોગા હોલની કામગીરી માટે એસ્ટેટ કમિટી તા.૦૩/૦૭/૨૦૨૦ ના ઠરાવનં.૭ મુજબ ઠરાવ નીચે મુજબ મંજુર થયેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, રાહુલમહેતા સભ્યશ્રીના સુચન અનુસાર વિમેન્સ યોગા હોલના બાંધકામનો ડિટેઇલ પ્લાન, એસ્ટીમેટ થ્રીડી માં મેળવવા અને તે યુનિવર્સિટી પ્રોજેકટ સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેંન્ટ વેરીફાય કર્યા બાદ તે એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને મોકલી આગામી એસ્ટેટ કમીટીમાં રજૂ કરવા.

ઉપરોકત એસ્ટેટ કમિટીના થયેલ ઠરાવને ધ્યાનમાં લઇને બાંધકામ વિભાગના સુપરવાઇઝર ધ્વારા ડોકયુમેન્ટ વેરીફાય કર્યા બાદ એસ્ટેટ કમીટીના સભ્યશ્રીઓને તા.૩૧/૭/૨૦૨૦ ના રોજ વિમેન્સ યોગા હોલના પ્લાન, એસ્ટીમેટ તથા થ્રીડી ઇ-મેઇલ ધ્વારા મોકલવામાં આવેલ અને તા. ૦૩/૦૮/૨૦૨૦ સુધીમાં સુચનો હોય તો જણાવવા માટે વિનંતી કરેલ.જેનો આજની તારીખ સુધીમાં કોઇ પ્રત્યુતર આવેલ નથી.

તો ઉપરોકત બાબતે બાંધકામ વિભાગ ધ્વારા તા.૧૮/૮/૨૦૨૦ ના રોજ મુકવામાં આવેલ નોંધમાં મળેલ આદેશ અન્વયે એસ્ટેટની બહાલીની અપેક્ષાએસિન્ડીકેટમાં મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં વુમન્સ યોગા હોલના બાંધકામનો ડીટેઈલ પ્લાન તથા ડીટેઈલ એસ્ટીમેટ સંદર્ભે એસ્ટેટ કમિટિનાં સભ્યશ્રીઓએ કોઈ સુધારો સૂચવેલ ન હોય જે ધ્યાને લઈ ઉપર્યુક્ત ડીટેઈલ પ્લાન, એસ્ટીમેટ અને અંદાજીત ખર્ચ રૂ.૧,૦૦,૦૦,૦૦૦/- એસ્ટેટ કમિટિની બહાલીની અપેક્ષાએ મંજુર કરવા.**

૨૧ નોન ટીચીંગ સ્ટાફ કવાર્ટરના બાંધકામ માટેનો ડિટેઇલપ્લાન અને ડિટેઇલ એસ્ટીમેટ મંજુર કરવા.

બાંધકામ કામનું નામ – નોન ટીચીંગ સ્ટાફ કવાર્ટરનુંબાંધકામ

અંદાજીત રકમ – રુા.૩,૪૫,૪૩,૬૦૦.૦૦

ખર્ચનો હેડ –ખર્ચ રાજય સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૮ – ૧૯ નોન ટીચીંગ સ્ટાફ કવાર્ટરના બાંધકામ માટે મંજુર કરવામાં આવેલ રુા.૩,૦૦,૦૦,૦૦૦.૦૦ ની ગ્રાંન્ટ હેઠળ અને બાકીનો વધારાનો ખર્ચ રુા.૪૫,૪૩,૬૦૦.૦૦ યુનિવર્સિટી વિકાસ ફંડ હેડ હેઠળ.

નોંધ:- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં નોન ટીચીંગ સ્ટાફ કવાર્ટરના બાંધકામ ની કામગીરી માટે ડિટેઇલ એસ્ટીમેટ તથા ડિટેઇલ પ્લાન તા.૧૧/૫/૨૦૨૦ ના રોજની એસ્ટેટ કમીટીની કાર્યવાહીની નોંધ તા.૧૩/૫/૨૦૨૦ ની સિન્ડીકેટમાં મંજુરી માટે મુકવામાં આવેલ જેમાં નીચે મુજબ ઠરાવ થયેલ છે.

ઠરાવનં. ૬ આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત બાબત હાલ મુલત્વી રાખવી.

તા.૧૧/૫/૨૦૨૦ ના રોજની એસ્ટેટ કમીટીના ઠરાવ નં.૭ નીચે પ્રમાણેના સુધારા સાથે મંજુર કરવો.
સ્ટફ્ર કવાર્ટર માટે પ્લાન તથા એસ્ટીમેટ રીવાઇઝડ પ્રેજન્ટેશન સાથે આગામી એસ્ટેટ કમીટીમાં રજૂ કરવો.

ઉપરોકત બાબતે બાંધકામ વિભાગની તા.૨૫/૭/૨૦૨૦ તથા તા.૨૫/૯/૨૦૨૦ ની નોંધ ના આદશે અન્વયે નોન ટીચીંગ સ્ટાફ કવાર્ટર કલાસ ૧,૨ માટે ૪ કવાર્ટસ અને કલાસ ૩ માટે ફલેટ ટાઇપ ૧૨ કવાર્ટર એમ કુલ ૧૬ કવાર્ટર માટે કુલ ૨૨૯૦.૦૦ ચો.મીનો ડિટેઇલ પ્લાન તથા એસ્ટીમેટ રજૂ કરેલ કામનો ખર્ચ રુા.૩,૪૫,૪૩,૬૦૦/- થાય છે. ઉપરોકત પ્લાનમાં હાલ ફલેટ ટાઇપ કવાર્ટસમાં સ્ટેડિંગ બાલ્કની આયોજનમાં ફેરફાર કરવાનો થાય છે અને સીટીંગ બાલ્કનીનું આયોજન કરવાનું થાય છે. જેથી જણાવેલ ફેરાફાર મુજબ પ્રોજેકટ કોસ્ટમાં ફેરફાર આવી શકે તેમ છે હાલ રુા.૩,૪૫,૪૩,૬૦૦/- આ ઉપરોકત ખર્ચ મંજુર કરવા અને રીવાઇઝડ એસ્ટીમેટ આવ્યેથી વધારાનો ખર્ચ મંજુર કરાવવાનો રહે છે.
ઉપરોકત બાબતે નોંન ટીચીંગ કર્મચારીઓની માંગણી અનુસાર રુમની ગેલેરીમાં ફેરફાર કરીને રીવાઇઝડ એસ્ટીમેટ મુજબ ટેન્ડર કરવા માટે ઉપરોકત એસ્ટીમેટ એસ્ટેટની બહાલીની અપેક્ષાએ સિન્ડીકેટમાં મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં નોન ટીચીંગ સ્ટાફ કવાર્ટરના બાંધકામનો ડીટેઈલ પ્લાન તથા ડીટેઈલ એસ્ટીમેટ તેમજ અંદાજીત ખર્ચ રૂ.૩,૪૫,૪૩,૬૦૦/- એસ્ટેટ કમિટિની બહાલીની અપેક્ષાએ મંજુર કરવા તેમજ એસ્ટીમેટ મુજબ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, નોન ટીચીંગ સ્ટાફ કવાર્ટરમાં સીટીંગ બાલ્કનીનું આયોજન કરતાં રીવાઈઝડ એસ્ટીમેટ આવ્યેથી વધારાનો ખર્ચ મંજુર કરાવવાનો રહેશે.**

૨૨ ૬૬ કે.વી.સબસ્ટેશન માટે પી.જી.વી.સી.એલ ને જગ્યા ફાળવવા બાબત.
બાંધકામ

નોંધ:- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર શૈક્ષણિક ઝોનને સ્માર્ટ સીટી અંતર્ગત સતત વિજ

પુરવઠો મળી રહે. તે અંતર્ગત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૬૬ કે.વી. સ્બસ્ટેશન સ્થાપિત કરવા માટે પી.જી.વી.સી.એલના આર.સી.ડી-૧ /ટેક – ૧/૫૮૧૬ તા.૧૬/૧૦/૨૦૧૯ નો પત્ર બાંધકામ વિભાગને આવેલ છે. તે અનુંસંધાને આ સાથે આપેલ પ્લાન અને ડ્રોઇંગ મુજબ કુલ બે સ્થાન પર પ્રપોઝડ જગ્યા પી.જી.વી.સી.એલની ટીમ ધ્વારા જોવામાં આવેલ જેમાં ૧૧૦ x ૧૦૦ ચો.મીટર જગ્યા ફાળવવા માટે પી.જી.વી.એલ તરફથી ડીમાન્ડ આવેલ છે.

ઉપરોકત બાબતે ગાંધીગ્રામ પોલીસ ચોકી અને લેડિસ હોસ્ટેલ વચ્ચેની જગ્યા આપેલ માપ મુજબ સ્થળ પર પર્યાપ્ત નથી. જયારે મુંજકા ચોકડી પાસે બંન્ને ચેક ડેમ વચ્ચેની જગ્યા પ્રોપર ચો.મીટર મુજબ મળી રહે તો તે જગ્યાનો લે-આઉટ પ્લાન તથા સમગ્ર કેમ્પસનો પ્લાન આ સાથે સામેલ છે તો તે મુજબ સર્વે કરી જણાવવા વિનંતી કરેલ છે.

હાલ 110 X 100 ચો.મી. જગ્યા ફાળવવા અંગે સૈધ્ધાંતિક મંજુરી અર્થે. ઉપરોકત બાબતે સૈધ્ધાતિંક મંજુરી મેળવવા માટે સિન્ડીકેટમાં મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ઉપર ૬૬ કે.વી. સબસ્ટેશન સ્થાપિત કરવા માટે પી.જી.વી.સી.એલ.ને કેવી રીતે જમીન આપવી અને સબસ્ટેશનનો ઉપયોગ ક્યા ક્યા એરિયા માટે કરવામાં આવશે તે અંગે નવી સ્પષ્ટ પ્રપોજલ મંગાવવી અને ત્યાર બાદ ફરીથી આગામી સિન્ડિકેટમાં રજુ કરવું.**

**(નોંધ:- ઉપર્યુક્ત બાબત પરિશિષ્ટ “૦૯” તરીકે આ સાથે સામેલ છે.)**

| | |
|---|---|
| ૨૩<br>પ્લેસમેન્ટ સેલ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ગુજરાત સરકાર દ્વારા આગામી જાન્યુઆરી-૨૦૨૧ તેમજ મે-૨૦૨૧ દરમ્યાન ઓનલાઈન અને ઓફલાઈન મેગા જોબફેરનું આયોજન કરવા સંદર્ભે સિન્ડિકેટ સભ્યશ્રીડો.મેહુલભાઈ રૂપાણીનાં આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત. |

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ગુજરાત સરકાર દ્વારા આગામી જાન્યુઆરી-૨૦૨૧ તેમજ મે-૨૦૨૧ દરમ્યાન ઓનલાઈન અને ઓફલાઈન મેગા જોબફેરનું આયોજન કરવાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત સંદર્ભે આગળની કાર્યવાહી માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

**(નોંધ : સિન્ડિકેટ સભ્યશ્રી ડો.મેહુલભાઈ રૂપાણી તરફથી આવેલ પત્ર પરિશિષ્ટ “૧૦“ તરીકે આ સાથે સામેલ છે.)**

૨૪ મેડીકલ વિદ્યાશાખામાં મેડીકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ ચારે-ચાર પરીક્ષામાં કરેલ ફેરફાર અંગે.
પરીક્ષા તબીબી વિદ્યાશાખાનાં ડો. વિજયભાઈ સી. પોપટનાં પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, મેડીકલ વિદ્યાશાખામાં પરીક્ષા સંદર્ભે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈન્સનો સ્વીકાર કરી પરીક્ષાઓનું આયોજન કરવું.**

**(નોંધ:- તબીબી વિદ્યાશાખાનાં ડીન શ્રી ડો. વિજયભાઈ સી. પોપટનો પત્ર પરિશિષ્ટ "૧૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૫ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સ્વર્ણીમ વર્ષની ઉજવણી દરમ્યાન અને વિધાર્થીઓના ભવીષ્યના હીતને
પરીક્ષા-૧ ધ્યાને લઇને વર્ષ-૨૦૧૭ માં સ્નાતક/અનુસ્નાતક ના અંતીમ સત્ર એટલે કે સત્ર ૦૨-૦૪-૦૬ જયા જે લાગુ પડતુ હોય તેની વધારાની એક પરીક્ષા રીમીડીયલ તરીકે લેવામાં આવેલ તે પ્રકીયા હાલમાં અસ્તીત્વમાં છે.

પરીક્ષા વિભાગ-૦૧ ની તા. ૧૧-૦૫-૨૦૧૭ ની નોંધમાં રીમીડીયલ પરીક્ષા અને તેની ફી બાબત રેગ્યુલર ફી + રૂ.! ૫૦૦ તત્કાલીન કુલપતિશ્રીની મંજુરી પ્રાપ્ત થયેલ

આગામી સમયમાં યોજાનાર રીમીડીયલ પરીક્ષા માટે સ્નાતક કોર્ષના છેલ્લા સેમેસ્ટરની પરીક્ષા માટે ઉપરોકત તા. ૧૧-૦૫-૨૦૧૭ ની મંજુરી અન્વયે રેગ્યુલર પરીક્ષા ફી + રૂ.!૫૦૦/- (લેઇટ ફી/ દંડાત્મક ફી સિવાય) સ્વીકારવા કાર્યવાહી થયેલ છે તે બાબત મંજુરી અર્થ કાર્યવાહી બાબત

વધુમાં ચાલુ વર્ષ કોવીડ-૧૯ ની વૈશ્વિક મહામારીના અનસંધાને સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ સત્ર ૦૧-૦૩-૦૫-૦૭-૦૯ જયા જે લાગુ પડતુ હોય તેની પરીક્ષા રેગ્યુલર ફી સાથે લેવા અંગે ઉપરોકત મંજુરી અર્થે કાર્યવાહી બાબત

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં લેવામાં આવનાર સ્નાતક કક્ષાનાં અંતિમ સત્રમાં જે પરીક્ષા ફોર્મ ફી લેવામાં આવેલ છે તે છેલ્લા ૦૩ વર્ષ દરમ્યાન લેવાયેલ રીમીડીયલ પરીક્ષાની પરીક્ષા ફોર્મ ફી મુજબ જ લેવા નિર્ણય કરવામાં આવેલ તે સર્વાનુમતે મંજુર કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષ કોવીડ-૧૯ ની વૈશ્વિક મહામારીના અનસંધાને રીમીડીયલ પરીક્ષાઓ સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ સત્ર ૦૧-૦૩-૦૫-૦૭-૦૯ જયા જે લાગુ પડતુ હોય તેની પરીક્ષા રેગ્યુલર ફી વર્તમાન ધારાધોરણ મુજબ જ લેવામાં આવે છે. જે અંગે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રિન્ટ મીડિયામાં પ્રસારિત થયેલ અહેવાલ પાયાવિહોણા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ગરીમાને નુકશાન પહોંચાડનાર અને વિદ્યાર્થીને ગેરમાર્ગે દોરનાર છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પરીક્ષાની કોઈપણ પ્રકારની ફીમાં વધારો કરવામાં આવેલ નથી. સર્વે સિન્ડિકેટ સભ્યશ્રીઓએ આ બાબતને સખત શબ્દોમાં વાખોડેલ.**

અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત પર ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવેલ.

૨૬ આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. મેહુલભાઈ રૂપાણીના
જોડાણ તા.૨૯/૦૯/૨૦૨૦નાં ઈ-મેઈલ પત્ર સંદર્ભે ચાલુ વર્ષે કોવીડ-૧૯ કોરોનાની મહામારીની પરિસ્થિતિને ધ્યાને લઈને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કાઉન્સીલ અંતર્ગતનાં અભ્યાસક્રમોનું ઈન્સ્પેકશન ભારતનાં અન્ય કાઉન્સીલની માફક ઓનલાઈન ઈન્સ્પેકશન રેકોર્ડીંગ સાથે કરવા સર્વાનુમતે જણાવેલ તે મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવી.

નં.સિન્ડિકેટ/૬૫/૨૦૨૦
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૦૭/૧૦/૨૦૨૦

કુલસચિવ

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના (જાણ સારૂ) ::--
માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

નકલ રવાના (જરૂરી કાર્યવાહી અર્થે) ::--
૧. સર્વે વિભાગના અધિકારીશ્રીઓ તરફ.